કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા ઘરે બેસીને આપતાં અનુસુચિત જાતિના યુવક/યુવતીઓને સહાય/ પ્રોત્સાહન આપવાની યોજના બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : **એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૫૨૧૩/ગ**

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૨/૧૧/૨૦૧૭

વંચાણે લીધા :

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૪/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૭૭૫૨૧૩/ગ

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૭/૧૦/૨૦૧૫ અને તા. ૧૭/૦૯/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : વતભ/૧૪૨૦૧૫/૧૩૬/વસુતાપ્ર-૩.

(૩) નિયામકશ્રી,અજાકના તા.૦૬/૦૯/૨૦૧૭ના પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૧૭-૧૮/૬૪૫૯

ઠરાવ :

રાજ્યમાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેમજ આ વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને વધુને વધુ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ મેળવી આગળ આવે તેવા પ્રયત્નો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે. તેના ભાગ રૂપે અનુસુચિત જાતિના સ્નાતક/અનુસ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સીની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી ઉચ્ચ કક્ષાની નોકરી મેળવી તેમનું જીવનધોરણ સુધારી શકે તે હેતુથી, આ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ (૧) આગળના તા.૧૪/૧૦/૨૦૧૪ ઠરાવથી યુ.પી.એસ.સીમાં ભરતી પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાય આપવા અંગેની યોજના બહાર પાડવામાં આવેલ છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ (૨) આગળના તા.૧૭/૦૯/૨૦૧૬ ના ઠરાવથી સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેનાં હસ્તકના તાલીમ કેન્દ્રોમા ચાલતાં

28 NOV 2017

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા તમામ યુવક/યુવતીઓ માટે સહાય/પ્રોત્સાહનના ધોરણો નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઇ મુજબ કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા જેઓ ઘરે બેસીને આપતાં હોય તેવા અનુસુચિત જાતિના યુવક/યુવતીઓ પ્રિલીમ પરીક્ષા/ મુખ્ય/ ઈન્ટરવ્યુની પરીક્ષા પાસ કરે તેઓને સહાય/પ્રોત્સાહન આપવા આ વિભાગે અલગથી હુકમો કરવાના થાય છે. આથી આ વિભાગના ઉપર વંચાણે લીધેલ (૧) આગળના ઠરાવોથી નક્કી કરેલ સહાય/પ્રોત્સાહનના ધોરણોમાં ફેરફાર કરી, આ બાબતે અનસુચિત જાતિના યુવક/યુવતીઓ માટે નીચે મુજબના સહાય/પ્રોત્સાહનના ધોરણો નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સ્ટાઇપેન્ડની રકમ |
|---|---|---|
| ૧. | પ્રિલીમ પરીક્ષા પાસ કરે ત્યારે | યુવક રૂા. ૨૫૦૦૦/- |
| | | યુવતી રૂા. ૩૦,૦૦૦/- |
| ૨. | મુખ્ય પરીક્ષા પાસ કરે ત્યારે | યુવક રૂા. ૨૫૦૦૦/- |
| | | યુવતી રૂા. ૩૦,૦૦૦/- |
| ૩. | આખરી પસંદગી થયેથી | યુવક રૂા. ૫૧,૦૦૦/- |
| | | યુવતી રૂા. ૬૧,૦૦૦/- |
| | કુલ | યુવક રૂા. ૧,૦૧,૦૦૦/- |
| | | યુવતી રૂા. ૧,૨૧,૦૦૦/- |

૩. આ અંગે અન્ય શરતો વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૪ ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

૪. જે વિદ્યાર્થીઓએ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થાના આઇ.એ.એસ સ્ટડી સેન્ટરમાં પ્રવેશ ન મેળવેલ હોય અને ઘરે બેસીને કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી અખિલ ભારતીય મુલ્કી સેવા અને સંલગ્ન પરીક્ષા આપતાં હોય તેઓ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા અને આ વિભાગ દ્વારા જાહેર કરેલ આ યોજનાનો એક જ વર્ષમાં બેવડો લાભ મેળવી શકશે નહીં. આ યોજનાનો વધુમાં વધુ ત્રણ વખત લાભ મેળવી શકાશે. (એટલે કે બધા જ વિભાગોની સહાય વધુમાં વધુ ત્રણ વખત)

૫ આ યોજનાનો લાભ વર્ષ-૨૦૧૬ની પ્રિલિમની પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય અને તેમના કિસ્સામાં જો આ ચૂકવણું કરવાનુ થતું હોય (વર્ષ-૨૦૧૬ માટે યુ.પી.એસ.સી દ્વારા નિયત કરેલ હોય તે પરીક્ષા ) તેઓના કિસ્સામાં જો તેઓ સ્પીપાના તાલીમાર્થી રહી ચૂકેલ હોય તે તેમને સ્પીપા દ્વારા ચૂકવણું કરવાનુ થશે. અને સ્પીપાના તાલીમાર્થી ન હોય તેઓના કિસ્સામાં જો વર્ષ-૨૦૧૬ની પ્રિલિમની પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય અને ઘેર બેસીને પરીક્ષા આપતા હોય તેઓના

કિસ્સામાંઓમાં (એટલેકે વર્ષ-૨૦૧૬માં તેવા અનુસુચિત જાતિના યુવક/યુવતીઓ પ્રિલીમ પરીક્ષા/ મુખ્ય/ ઈન્ટરવ્યુની પરીક્ષા પાસ) જ મળવાપાત્ર થશે.

આ ઠરાવ આ ફાઇલ પરની સા.વ.વિ ની તા.૧૨/૧૦/૨૦૧૭ તથા નાણા વિભાગની તા.૦૨/૧૧/૨૦૧૭ ની નોંધ તેમજ અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૦/૧૧/૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

પરમ સન્માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, (વસુતાપ્ર-૩), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગનાં રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ.

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,

ઉપસચિવશ્રી (બજેટ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.